# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર–૧૦–એ, છ–૩ સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦**
**ફોન નં : (૦૭૯)૨૩૨ ૫૮૯૮૦** WebSite : https://gpsc.gujarat.gov.in

**જાહેરાત ક્રમાંક : ૮૨/૨૦૨૪–૨૫, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ–૨ ના તબીબી અધિકારી, વર્ગ–૨, વીમા તબીબી અધિકારી (એલોપેથીક), વર્ગ–૨ અને વિવિધ વિષયના ટ્યુટર, વર્ગ–૨ અન્વયે રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારો પૈકી આઠમા તબક્કા માટે પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા તથા પસંદગી ક્રમ (Preference) આપવા બાબત.**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર.૮૨/૨૦૨૪–૨૫, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ–૨ ના તબીબી અધિકારી, વર્ગ–૨, વીમા તબીબી અધિકારી (એલોપેથીક), વર્ગ–૨ અને વિવિધ વિષયના ટ્યુટર, વર્ગ–૨ ની ભરતી અન્વયે રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારો પૈકી પ્રસિદ્ધ થયેલ Detailed Interview Program મુજબ **કુલ–૨૦૮** ઉમેદવારો માટે આયોગ દ્વારા **તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૧૭/૧૦/૨૦૨૬** દરમિયાન **આઠમા તબક્કાની** રૂબરૂ મુલાકાત યોજાનાર છે. સંબંધિત ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત માટેના પ્રવેશપત્ર (Interview Call Letter) અને સંબંધિત પરિશિષ્ટ આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી, પ્રિન્ટ લઈ રૂબરૂ મુલાકાતના દિવસે અચૂક સાથે લાવવાના રહેશે.

**૨.** સંબંધિત ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત માટેના પ્રવેશપત્ર (Interview Call Letter) અને સંબંધિત પરિશિષ્ટ આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી, પ્રિન્ટ લઈ રૂબરૂ મુલાકાતના દિવસે અચૂક સાથે લાવવાના રહેશે.

### :: રૂબરૂ મુલાકાતનો પ્રવેશપત્ર Online ડાઉનલોડ કરવાની રીત ::

૧. રૂબરૂ મુલાકાતનો પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પર જવાનું રહેશે.

૨. વેબસાઈટ પર Call Letter/Form સેક્શનમાં જઈ Interview Call Letter પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ Select Job માં તમારી જાહેરાત પસંદ કરી Confirmation Number અને date of birth નાંખવાનાં રહેશે અને OK બટન પર ક્લીક કરવાનું રહેશે.

૩. ત્યારબાદ ઉમેદવારે પોતાનો પ્રવેશપત્ર અને પરિશિષ્ટ ડાઉનલોડ કરવાના રહેશે. **પરિશિષ્ટમાં દર્શાવેલ લાગુ પડતા તમામ પ્રમાણપત્રો અસલમાં તથા તેની એક નકલ સ્વપ્રમાણિત કરીને અચૂક લાવવાની રહેશે.**

**નોંધ :–**

૧. **પ્રવેશપત્ર અને સંબંધિત પરિશિષ્ટ તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક થી તા.૧૭/૧૦/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે.**

૨. પ્રવેશપત્ર અને સંબંધિત પરિશિષ્ટ વગર ઉમેદવારને રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

૩. પ્રથમ તબક્કાના ઉમેદવારોએ તેઓને ફાળવેલ તારીખ/સમયે હાજર રહેવું ફરજિયાત છે, ત્યારબાદના અન્ય તબક્કાઓમાં આ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

* **<u>પ્રસ્તુત જાહેરાતમાં દર્શાવ્યા મુજબ રૂબરૂ મુલાકાત સમયે આપવાનો થતો જગ્યા/સેવાની પસંદગીનો ક્રમ (Preference)</u> :**

૧. રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા/સેવા માટે જ દરેક જગ્યા/સેવા માટે પોતાની પસંદગી અનુસાર આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ આપવાનો હોઇ, જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યાઓનો વિગતવાર અભ્યાસ કરી પૂરતી તૈયારી દાખવવાની રહેશે. સંદર્ભ હેતુ આયોગની તા.૦૧/૦૩/૨૦૨૫ ની અગત્યની જાહેરાત https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/INRO-82-202425.pdf લિંક પરથી જોઇ શકાશે. જાહેરાતમાં દર્શાવેલ જગ્યા/સેવાના નામની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યા/સેવાનું નામ |
|---|---|
| ૧ | તબીબી અધિકારી, વર્ગ–૨ (Medical officer, Class-II) |
| ૨ | વીમા તબીબી અધિકારી (એલોપેથીક), વર્ગ–૨ (Insurance Medical Officer (Allopathy), Class-II) |
| ૩ | બાયોકેમેસ્ટ્રીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Biochemistry, Class-II) |
| ૪ | કોમ્યુનિટી મેડિસિનના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Community Medicine(P&SM), Class-II) |
| ૫ | ફોરેન્સિક મેડિસિનના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Forensic Medicine, Class-II) |
| ૬ | માઇક્રોબાયોલોજીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Microbiology, Class-II) |
| ૭ | પેથોલોજીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Pathology, Class-II) |
| ૮ | ફિઝિયોલોજીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Physiology, Class-II) |
| ૯ | એનેટોમીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Anatomy, Class-II) |
| ૧૦ | ફાર્માકોલોજીના ટ્યુટર, વર્ગ–૨ (Tutor Pharmacology, Class-II) |

૨. ઉમેદવાર જે જગ્યા/સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈ પણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

૩. જે ઉમેદવારે એક પણ જગ્યા/ સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફકત અમુક જ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૦૮/૧૦/૨૦૨૬

**સહી/-**
(નસીમ મોદન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ